
### વડોદરાના દિવાન રાવજી આપાજીએ તેમના ઉપપત્નીના આગ્રહથી રાવપુરામાં બંધાવ્યું હતું સૂરજ દાદાનું મંદિર

# વડોદરા શહેરને સૂરજદાદાના પ્રકોપથી બચાવે છે સૂર્યમંદિરની હાથીની પ્રતિમા







વડોદરા શહેરના મધ્યમાં આવેલું એક મંદિર તેના ૨૨૫થી વધુ ઈતિહાસ અને ભવ્ય ભૂતકાળનું સાક્ષી છે. આ મંદિર પ્રકૃતિની ઉપાસનાની શીખ આપે છે. ગાયકવાડ રાજ્યના ક્ષેત્રમાં મંદિરોના સ્થાપત્યો જોવામાં આવે તો તેમાં મહદ્‌અંશે શિવાલયો વિશેષ જોવા મળે છે. આ ઉપરાંત દેવીઓ, ગણપતિ દાદાના મંદિરોનો પણ આગવો ઈતિહાસ છે. તેવા સમયે શહેરના મધ્યે રાવપુરામાં આવેલું ભગવાન શ્રીસૂર્યનારાયણનું મંદિર સહજ આશ્ચર્ય ઉપજાવે છે. ઊર્જાના અસીમ સ્ત્રોત એવા સૂરજ દાદાના આ મંદિરનો ઈતિહાસ જાણવા જેવો છે. વડોદરા રાજ્ય ઉપર એ સમયે આનંદરાવ ગાયકવાડનું શાસન હતું. તેમના દિવાન તરીકે રાવજી આપાજી હતા. રાવજી આપાજીનો કાર્યકાળ ૧૭૯૩થી ૧૮૦૨ સુધીનો રહ્યો હતો. એ સમય દરમિયાન આ મંદિરનું નિર્માણ થયું હતું. એટલે મંદિર ૨૨૫ વર્ષ કરતા પણ જૂનું હોવાનું કહી શકાય. હાલનું રાવપુરા એ વખતે સદાશિવ પેઠ વિસ્તાર તરીકે ઓળખાતો હતો. હાલની કોઠી કચેરી બંધાઈ નહોતી. દિવાન પણ આ વિસ્તારમાં રહેતા હોવાથી બાદમાં રાવપુરા તરીકે સ્થાપિત થયો હતો. તેઓ એક વખત કાશીની યાત્રાએ ગયા. જ્યાં મણિકર્ણિકા ઘાટ ઉપર એમનો મેળાપ એક પંડિતપુત્રી સાથે થયો. ઉપપત્ની તરીકે લઇ તેઓ ફરી વડોદરા આવી ગયા. આ સ્ત્રીના નામનો ઉલ્લેખ ઈતિહાસમાં મળતો નથી. રાવજી ફરી રાજકાજમાં પરોવાઇ ગયા. આ વિયોગમાં પંડિતપુત્રી સંસારથી વિરક્ત થવા લાગી. એવામાં એક દિવસ તેમણે દિવાન સમક્ષ મંદિર નિર્માણ કરવાની મહેચ્છા વ્યક્ત કરી. રાવજીએ સહમત થઇ ક્યાં દેવનું મંદિર બનાવવું છે ? એની પૃચ્છા કરી. તે જવાબ મળ્યો કે, સૂર્યનારાયણ ભગવાન ! સૂરજ દાદાનું મંદિર બનાવવા પાછળનો તર્ક એવો હતો કે, આપાજી આખો દિવસ રાજકામમાં વ્યસ્ત રહેતા હોવાથી સૂરજની જેમ પૂજી આરાધના કરીશ. આપાજી આ વાતથી રાજી થયા. મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થયું. મંદિરનું કામ પૂર્ણતાના આરે હતું ત્યારે રાવજી આપાજી તેમની ઉપપત્ની સાથે ત્યાં આવ્યા. પણ મંદિરનું મુખ જોઇ પંડિત પુત્રી ચોકી ઉઠી. તેમણે કહ્યું કે, આ મંદિરમાં સૂર્ય ભગવાનની પ્રતિમા પધરાવશો તો નગરની અધોગતિ થશે. સૂરજ દાદા પૂર્વમાંથી ઉગે છે અને પશ્ચિમ દિશામાં આથમે છે. સૂરજની દિશાથી વિરુદ્ધ પૂર્વમાં પ્રતિમાનું મુખ રહેશે તો સુરજ દાદાની દ્રષ્ટિ નગર ઉપર પડશે, જે યોગ્ય નથી. મોઢેરા, કોણાર્કની સ્થિતિનું તેણીએ વર્ણન કર્યું. રાવજી વિમાસણમાં મૂકાયા. તેમણે વિદ્વાન પંડિતોની સલાહ લીધી. સૌએ ઉક્ત વાતનું સમર્થન કર્યું. એમાં એક વિદ્વાને આ પ્રશ્નનો ઉકેલ આપ્યો. વિદ્વાને સૂર્યની દ્રષ્ટિ ટાળવા ઈન્દ્રના વાહન હાથીને મંદિરના પટાંગણમાં મૂર્તિ સમક્ષ મૂકવાનો ઉપાય સૂચવ્યો.

એથી હાલની અણુસ્તુપ ટેકરી ઉપર પડી રહેલી પથ્થરની હાથીની મૂર્તિ મંદિરના પટાંગણમાં સ્થાપિત કરવામાં આવી. આમ સ્થાપત્યદોષનું નિવારણ કરવામાં આવ્યું. હાલમાં પણ ગજરાજના દર્શન થાય છે. ઈતિહાસકારોનો એક મત એવો પણ છે કે, દિવાન અપાજીની એ ઉપપત્ની સૌરાષ્ટ્રના હતા અને તેઓ સૂર્યની આરાધના કરતા પરિવારમાંથી હતી. એથી તેણીએ સૂર્યનારાયણ ભગવાનનું મંદિર બંધાવ્યું હતું.

# કાશ્મીરી ગુલાબની ખેતીથી ખેડૂતને મળ્યો સમૃદ્ધિનો સુગંધિત માર્ગ



વડોદરા જિલ્લાના કોટાંબી ગામના 26 વર્ષીય યુવા ખેડૂત અજન ગણપતભાઈ ચૌહાણે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી દ્વારા પોતાની અનોખી ઓળખ ઉભી કરી છે. છેલ્લા ત્રણ વર્ષથી કુદરતી ખેતી કરતા અજન ચૌહાણે દોઢ વર્ષ અગાઉ કાશ્મીરી લાલ ગુલાબની ખેતી શરૂ કરી હતી, જેનાથી તેમને આજે સંતોષકારક આવક અને સ્થિર જીવનનિર્વાહનો આધાર મળ્યો છે. અજન ચૌહાણ પોતાની એક વિઘા જમીનમાં કાશ્મીરી ગુલાબની ખેતી કરે છે. દર બીજા દિવસે તેઓને 10 થી 15 કિલોગ્રામ લાલ ગુલાબનું ઉત્પાદન મળે છે, જે વડોદરા શહેરના સ્થાનિક બજારમાં રૂ.1000 થી રૂ.1500 સુધી વેચાય છે. સામાન્ય દિવસોમાં ગુલાબનના બજારભાવ આશરે રૂ.200 પ્રતિ કિલોગ્રામ રહે છે, જ્યારે લગ્ન પ્રસંગો દરમિયાન તે વધીને રૂ.800 પ્રતિ કિલોગ્રામ સુધી પહોંચી જાય છે. અજન ચૌહાણ જણાવે છે, “હું છેલ્લા ત્રણ વર્ષથી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી રહ્યો છું અને દોઢ વર્ષ પહેલાં આણંદની એક નર્સરીમાંથી 1200

**નર્સરીમાંથી 1200 કાશ્મીરી ગુલાબના રોપા લાવીને ખેતી શરૂ કરી હતી**

કાશ્મીરી ગુલાબના રોપા લાવીને ખેતી શરૂ કરી હતી. આજે આખા વર્ષ દરમિયાન સતત સારું ઉત્પાદન મળી રહ્યું છે. અત્યાર સુધીમાં કાશ્મીરી ગુલાબની ખેતીમાંથી આશરે દોઢ લાખ રૂપિયાની કમાણી કરી છે, જેના દ્વારા મારા પરિવારનું ગુજરાન સુખપૂર્વક ચાલી રહ્યું છે.” તાજેતરના સમયમાં વડોદરા જિલ્લાના અનેક ખેડૂતો કાશ્મીરી ગુલાબની ખેતી તરફ વળી રહ્યા છે. આ સુગંધિત ફૂલ માત્ર આર્થિક લાભ જ આપતું નથી, પરંતુ જમીન અને પર્યાવરણ માટે પણ કુદરતી અને ટકાઉ ખેતીનો ઉત્તમ ઉદાહરણ પુરું પાડે છે.



# વેસ્ટ મટિરિયલમાંથી સંગીતના પ્રતિરૂપ વાદ્યો બનાવી આત્મનિર્ભર બન્યા કલાકાર






વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ‘સ્ટેચ્યૂ ઓફ યુનિટી’ના પરિસરમાં આ દિવસોમાં ભારતની અનેકતામાં એકતાની ઝલક જોવા મળી રહી છે. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી ૧ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન એકતા નગર ખાતે ભવ્ય ‘ભારત પર્વ’નું આયોજન થયું છે. દેશના વિવિધ રાજ્યોની લોકકળા, સંગીત અને સંસ્કૃતિ અહીં એક સાથે પ્રદર્શિત થઈ રહી છે. આ ઉત્સવમાં મધ્યપ્રદેશના ભોપાલની અરેરા કોલોનીના રહેવાસી વાદ્યયંત્ર પ્રતિરૂપ કલાકાર રાહુલ શ્રીવાસ પણ પોતાની અનોખી કળાથી સૌનું ધ્યાન ખેંચી રહ્યા છે. તેઓ ફર્નિચરના વેસ્ટ મટિરિયલમાંથી ટબલા, ઢોલક, હાર્મોનિયમ, સિતાર, વીણા, વાજિંત્રોમાં બીન, મોરલી, જલતરંગ, મૃદંગ, ખંજરી, ડફ, શંખ, ઝાલર, કિરતાલ, સારંગી, શરણાઈ, સૂરમંડળ, બંસી જેવા આશરે ૪૦ પ્રકારના નાના સંગીત વાદ્યોના પ્રતિરૂપ બનાવી રહ્યા છે. આ પ્રતિરૂપ વાદ્યો માત્ર આકર્ષક દેખાવ જ નહીં, પરંતુ “વોકલ ફોર લોકલ”ની ભાવનાનું જીવંત ઉદાહરણ પણ છે. સંગીતપ્રેમી પરિવારમાં જન્મેલા રાહુલ શ્રીવાસે મધ્યપ્રદેશની પ્રયાગ યુનિવર્સિટીમાંથી સંગીતમાં ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું છે. શરૂઆતમાં તેઓ સંગીત કાર્યક્રમોમાં ભાગ લેતા હતા, પરંતુ મોંઘા વાદ્યો ખરીદવાની અસમર્થતાને કારણે તેમણે નવી દિશામાં વિચાર શરૂ કર્યો.રાહુલભાઈ કહે છે, “વાદ્યોની કિંમતો વધારે હોવાથી ખરીદી મુશ્કેલ હતી, એટલે ફર્નિચરના વેસ્ટ મટિરિયલમાંથી નાના પ્રતિરૂપ વાદ્યો બનાવવાનું શરૂ કર્યું. લોકોને એ વાદ્યો ખૂબ પસંદ આવ્યા અને ધીમે ધીમે તેની માંગ વધી.”આ રીતે હાથથી બનાવેલા વાદ્યોના વેચાણથી તેમણે પોતાની આજીવિકા ઉભી કરી. આજથી દાયકાઓ પહેલાં શરૂ થયેલો આ નાનો પ્રયાસ આજે તેમની આત્મનિર્ભરતા અને સર્જનાત્મકતાનું પ્રતિક બની ગયો છે.

**એકતા નગર ખાતે મધ્યપ્રદેશની લોકકળાનું પ્રતિનિધિત્વ સંગીતના ૪૦ પ્રકારના પ્રતિરૂપ વાદ્યો રજૂ કરાયાં**



## 20 મહિલાઓને રોજગાર આપતા રાહુલ શ્રીવાસનું ઉદાહરણાત્મક કાર્ય

હાલમાં રાહુલ શ્રીવાસ પોતાના પરિવારના સહયોગથી આશરે ૨૦ જેટલી મહિલાઓને નાના પ્રતિરૂપ વાદ્ય બનાવવાની કામગીરી શિખવી રોજગાર આપી રહ્યા છે. તેઓ મહિને રૂ.30,000 જેટલી આવક મેળવે છે અને તેમની સાથે જોડાયેલી મહિલાઓને દરરોજ રૂ.300 જેટલી રોજગારી આપે છે.તેઓ કહે છે કે, “હું આત્મનિર્ભર બન્યો છું, પણ મારી સાથે જોડાયેલી મહિલાઓને પણ આત્મનિર્ભર બનાવી શક્યો છું, એજ સાચો સંતોષ છે.”

**ભારત પર્વમાં મધ્યપ્રદેશની કળાનું પ્રતિનિધિત્વઃ** એકતા નગર ખાતે ભારત પર્વની ઉજવણી દરમિયાન મધ્યપ્રદેશ પ્રવાસન વિભાગના સંકલન થકી રાજ્ય સરકાર દ્વારા રાહુલ શ્રીવાસને ખાસ સ્ટોલ ફાળવવામાં આવ્યો છે, જ્યાં તેઓ પોતાના વાદ્યોનું પ્રદર્શન અને વેચાણ કરી રહ્યા છે.તેમણે જણાવ્યું કે,“લોકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ગુજરાત સરકારના આયોજનથી અમારા જેવા નાના ઉદ્યોગકારોને મોટું મંચ મળ્યું છે, જે બદલ હું હૃદયથી આભારી છું.” તેમના સ્ટોલ પર દેશના વિવિધ રાજ્યોના પ્રવાસીઓ ઉત્સાહપૂર્વક આવે છે. નાના કદના વાદ્યોનું આકર્ષણ સૌને મોહિત કરી દે છે..

**વોકલ ફોર લોકલ સ્વર અને સ્વાવલંબનની પ્રેરણાઃ** રાહુલ શ્રીવાસની કળા માત્ર વ્યવસાય નહીં, પરંતુ આત્મનિર્ભર ભારતના સપનાનું પ્રતિબિંબ છે. વેસ્ટ મટિરિયલમાંથી કલાત્મક અને ઉપયોગી વાદ્યો બનાવવાની તેમની રીત ‘વોકલ ફોર લોકલ’ અને ‘મેક ઈન ઈન્ડિયા’ના સંદેશને જીવંત કરે છે.એકતા નગરના આ ભારત પર્વ-૨૦૨૫ દરમિયાન રાહુલભાઈ જેવા કલાકારો ભારતની ધરતી પર રહેલી હસ્તકલા, લોકસંગીત અને આત્મનિર્ભરતાની ભાવનાને ઉજાગર કરી રહ્યા છે.